પેજ 3

## દિલ-લુમિનેટી ઇન્ડિયા ટૂર : દિલજીત દોસાંઝે ત્રિરંગો લહેરાવતા કરી એન્ટ્રી



નવી દિલ્હી, તા. 27 (પીટીઆઇ) : દિલ-લુમિનેટી ઇન્ડિયા ટૂર 2024'ની ગઇકાલથી શરૂઆત પછી આજે દિલજીત દોસાંઝે ભવ્ય એન્ટ્રી કરીને 'ઓ, કી હાલ દિલ્લી વાલો'ના નારો ખીચોખીચ ભરેલા જવાહરલાલ નેહરુ સ્ટેડિયમમાં કર્યો હતો. એક ચાહકે કહ્યું હતું કે, લોકો છેલ્લા અડધા કલાકથી રાહ જોઇ રહ્યા છે, તેથી ક્રેઝ પૂરેપૂરો છે. કાળી પાઘડી અને સનગ્લાસ સાથે સંપૂર્ણ કાળા પોશાક પહેરેલા દોસાંઝે કોન્સર્ટની શરૂઆતમાં રાષ્ટ્રધ્વજ લહેરાવ્યો હતો. તેના ચાહકોને સંબોધતાં 40 વર્ષીય દોસાંઝે કહ્યું, 'ઓ, કી હાલ દિલ્લી વાલો? ભીડે ભારે ગર્જના સાથે જવાબ આપ્યો. ઘણા લોકોએ સ્થળ પર પહોંચવાનો પ્રયાસ કરતી વખતે લાંબા ટ્રાફિક જામમાં ફસાયા હોવાની ફરિયાદ સોશિયલ મીડિયા પર કરી હતી. કેટલાક વીડિયોમાં બારાપુલ્લા બ્રિજ પર લાંબી કતારો જોવા મળી હતી.

## દિલજીત દોસાંજની દિલ્હી કોન્સર્ટમાં અંધાધૂંધી! ચાહકોએ ગંદા વોશરૂમ અને સુરક્ષાની ફરિયાદ કરી

બોલીવુડના પ્રખ્યાત પંજાબી સિંગર દિલજીત દોસાંઝે 26 ઓક્ટોબરે દિલ્હીના જવાહરલાલ નેહરુ સ્ટેડિયમમાં લાઇવ કોન્સર્ટમાં શાનદાર પરફોર્મન્સ આપ્યું હતું. પરંતુ શો શાનદાર હોવા છતાં, અરાજકતાને કારણે ચાહકોને ચોક્કસપણે સમસ્યાઓનો સામનો કરવો પડ્યો હતો. સોશિયલ મીડિયા પર એવો પણ દાવો કરવામાં આવી રહ્યો છે કે જ્યારે બાળકી બેભાન થઇ ગઇ ત્યારે પણ કોઇ સ્ટાફ મેમ્બર તેની મદદ કરવા આવ્યો ન હતો. ખાણી-પીણીના કાઉન્ટરો તેમજ પ્રવેશ અને બહાર નીકળવાના દરવાજા પર સંપૂર્ણ અરાજકતા જોવા મળી હતી. અન્ય લોકોએ ફરિયાદ કરી હતી કે વોશરૂમ અને પીવાના પાણી જેવી પ્રાથમિક સુવિધાઓ ખૂબ જ ખરાબ સ્થિતિમાં હતી.

## રમેશ તોરાનીની દિવાળી પાર્ટીમાં ડીપ નેક ચોલી પહેરીને આવેલી તમન્ના અલગ તરી આવી



મુંબઇ : બી-ટાઉનના તમામ સ્ટાર્સ ઉત્સવની સિઝનને ધામધૂમથી સેલિબ્રેટ કરી રહ્યા છે અને એ કડીમાં જ ફિલ્મ નિર્માતા રમેશ તૌરાનીએ એક પાર્ટીનું આયોજન કર્યું હતું. જેમાં ઘણા સ્ટાર્સે હાજરી આપી હતી, પરંતુ તમન્ના ભાટિયા અને વિજય વર્માએ પોતાની શાનદાર સ્ટાઇલથી સોશિયલ મીડિયા પર ધૂમ મચાવી હતી. વાસ્તવમાં, પાર્ટીમાં આવતાની સાથે જ કપલના દેસી લુકએ બધાનું દિલ જીતી લીધું હતું. આ જોડીને ચાહકો તરફથી ઘણો પ્રેમ મળ્યો હતો. ખાસ કરીને તમન્નાનો સિમ્પલ પણ ડીપ નેક ચોલી સાથેનો લેહેંગા લુક અદભૂત લાગતો હતો, જ્યારે વિજય પણ તેની સાથે કલર કોર્ડિનેટ કરતો જોવા મળ્યો હતો. જ્યાં બંને વચ્ચેની કેમેસ્ટ્રી પણ સારી લાગી હતી.

## સુમિત સૂરી સાથે વૃક્ષના છાયડે સુરભી જ્યોતિએ પ્રભુતામાં પગલા માંડ્યા



મુંબઇ : ટીવી અભિનેત્રી સુરભી જ્યોતિએ લાંબા સમયના બોયફ્રેન્ડ સુમિત સૂરી સાથે લગ્ન કરી લીધા છે. જીમ કોર્બેટમાં પ્રકૃતિની વચ્ચે વૃક્ષના છાયડે આ બંનેએ એકબીજાને સાત જનમના કોલ આપતા સાત ફેરા લીધા હતા જેના ફોટાઓ પણ સામે આવ્યા છે. આ પહેલા બંનેએ હલ્દી અને મહેંદી સેરેમની કરી હતી, જેમાં પરિવારના સભ્યો અને નજીકના મિત્રોએ હાજરી આપી હતી. સુમિત સૂરી સાથેના લગ્નના ફોટા શેર કરતી વખતે સુરભી જ્યોતિએ કેપ્શનમાં લખ્યું, 'હેપ્પી મેરેજ.'

# પીએમ મોદીએ બ્રિક્સ સમિટ દરમિયાન ઝારખંડનું સોહરાઇ પેન્ટિંગ પુતિનને ભેટ આપ્યું

**ઈરાન,** ઉઝબેકિસ્તાનના પ્રમુખોને મહારાષ્ટ્રની હસ્તકલા સી શેલ ફૂલદાની અને વારલી પેન્ટિંગ મોદી દ્વારા ભેટમાં અપાયા





નવી દિલ્હી, તા. 27 (પીટીઆઇ): અધિકારીઓના જણાવ્યા અનુસાર, તાજેતરની બ્રિક્સ સમિટ દરમિયાન વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ઈરાન અને ઉઝબેકિસ્તાનના નેતાઓ મહારાષ્ટ્રની હસ્તકલા અને ઝારખંડની કળાને રશિયન પ્રમુખ વ્લાદિમીર પુતિનને ભેટ આપી હતી. મોદીએ ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયનને મધર ઓફ પર્લ (એમઓપી) સી-શેલ ફૂલદાની ભેટમાં આપી હતી.

અધિકારીઓએ નોંધ્યું હતું કે, મહારાષ્ટ્રના દરિયાકાંઠાના કારીગરો પાસેથી મળેલી ફૂલદાની રાજ્યની કુશળ કારીગરી અને કુદરતી સૌંદર્યનું પ્રમાણપત્ર છે. ઉઝબેકિસ્તાનના રાષ્ટ્રપતિ શવકત મિર્ઝીયોયેવને મોદીએ મહારાષ્ટ્રની વારલી જનજાતિની એક પ્રતિષ્ઠિત કલા, પરંપરાગત વારલી પેન્ટિંગ ભેટ આપી હતી.

## જે લોકો ટ્રમ્પને લોકશાહી માટે ખતરો કહે છે તેઓ પોતે જ જોખમકારક : ઈલોન મસ્ક

**'યુએસ** કેપિટોલ'ના રમખાણની ઘટના હિંસક બળવો કહેવાય છે પણ ખરેખર એવુ નથી : મસ્ક

લેન્કેસ્ટર, તા. 27 (એપી) : વિશ્વના સૌથી ધનાઢ્ય ઉદ્યોગપતિ ઈલોન મસ્કે અમેરિકન પ્રમુખપદની ચૂંટણીમાં રિપબ્લિકન પાર્ટીના ઉમેદવાર ડોનાલ્ડ ટ્રમ્પને સમર્થન આપતાં કહ્યું હતું કે જે લોકો પૂર્વ રાષ્ટ્રપતિને લોકશાહી માટે ખતરો કહે છે, તેઓ પોતે જ હકીકતમાં લોકશાહી માટે ખતરો છે.

શનિવારે રાત્રે પેન્સિલવેનિયામાં 'ટાઉન હોલ'ને સંબોધિત કરતી વખતે, મસ્કે યુએસ સંસદીય સંકુલ 'યુએસ કેપિટોલ' માં 6 જાન્યુઆરી, 2021 ના રોજ થયેલા રમખાણોના સંદર્ભમાં જણાવ્યું હતું કે આ ઘટનાને હિંસક બળવોનો એક પ્રકાર કહેવામાં આવે છે. જોકે હકીકતમાં એવું નથી.

અમેરિકી રાષ્ટ્રપતિની ચૂંટણીમાં હાર બાદ ટ્રમ્પે ચૂંટણી પરિણામો પર સવાલ ઉઠાવ્યા બાદ તેમના સમર્થકોએ 6 જાન્યુઆરી, 2021ના રોજ 'યુએસ કેપિટોલ' (યુએસ સંસદ સંકુલ) પર હુમલો કર્યો હતો, જેમાં 100થી વધુ સુરક્ષા અધિકારીઓ ઘાયલ થયા હતા. મસ્કે કહ્યું હતું કે જે લોકો કહે છે કે ટ્રમ્પ લોકશાહી માટે ખતરો છે તેઓ પોતે લોકશાહી માટે જોખમકારક છે.

## દિલ્હીના પાલિકા બજારમાં પોલીસને ચાઈનીઝ મોબાઈલ નેટવર્ક જામર મળી આવ્યું

નવી દિલ્હી, તા. ૨૭(પીટીઆઈ): દિલ્હી પોલીસે દિવાળી પહેલાના ચેકિંગમાં રાજધાનીના પાલિકા બાઝારમાંથી એક ચીની બનાવટનું મોબાઈલ નેટવર્ક જામર કબજે કર્યું છે એમ અધિકારીઓએ આજે જણાવ્યું હતું. અમારી ટીમો તમામ દુકાનો, હોટેલો અને અન્ય જાહેર સ્થળોની તપાસ ઉત્સવની સિઝન પહેલા કરી રહી હતી. આ સ્પેશ્યલ ચેકિંગ દરમ્યાન, એક ટીમને એક શંકાસ્પદ વસ્તુ મળી આવી હતી એમ ડીસીપી (નવી દિલ્હી) દેવેશ કુમાર માહલાએ જણાવ્યું હતું. આ સાધન કે જે મોબાઈલ નેટવર્ક જામર તરીકે કામ કરે છે તે તરત કબજે લેવામાં આવ્યું હતું એમ તેમણે જણાવ્યું હતું. અમે આ ડિવાઈસની ચકાસણી માટે તમામ એસઓપીઝનું પાલન કરીએ છીએ.

## શ્રીલંકાના નૌકાદળે 12 ભારતીય માછીમારોની ધરપકડ કરી

કોલંબો, તા. 27 (પીટીઆઈ) : શ્રીલંકાના નૌકાદળે રવિવારે તેની પ્રાદેશિક જળસીમામાં કથિત રીતે માછીમારી કરવા બદલ 12 ભારતીય માછીમારોની ધરપકડ કરી હતી અને તેમનું ટ્રોલર જપ્ત કર્યું હતું. એમ એક સત્તાવાર નિવેદનમાં જણાવાયું છે. તાજેતરની ધરપકડ સાથે ટાપુ રાષ્ટ્ર દ્વારા આ વર્ષે આવી ઘટનાઓમાં પકડાયેલા ભારતીય નાગરિકોની સંખ્યા વધીને 462 થઈ ગઈ છે. શ્રીલંકાના નૌકાદળે એક અખબારી યાદીમાં જણાવ્યું હતું કે, માછીમારોની ધરપકડ કરવામાં આવી હતી અને તેમની ટ્રોલરને ઉત્તરીય પ્રાંતમાં પોઈન્ટ પેડ્રો, જાફનાના દરિયાકિનારે જપ્ત કરવામાં આવી હતી. પકડાયેલા 12 માછીમારોને કંકેસંથુરાઈ બંદર પર લઈ જવામાં આવ્યા હતા અને આગળની કાર્યવાહી માટે મૈલાડી ફિશરીઝ ઈન્સ્પેક્ટરને સોંપવામાં આવશે.

## માજી આર્મી ચીફ, 10 માજી મંત્રીઓને કથિત હત્યાકાંડ મામલે બાંગ્લાદેશની ટ્રિબ્યુનલના સમન્સ

ઢાકા, તા. 27 (પીટીઆઇ) બાંગ્લાદેશની ઈન્ટરનેશનલ ક્રિમિનલ ટ્રિબ્યુનલ (આઈસીટી)એ રવિવારે જુલાઈમાં દેશમાં બળવા દરમિયાન માનવતા વિરુદ્ધના કથિત અપરાધો અને નરસંહાર સંબંધમાં માજી આર્મી ચીફ ઝિયાઉલ અહસાન, 10 માજી પ્રધાનો અને બરતરફ વડા પ્રધાન શેખ હસીનાના બે સલાહકારો સહિત 20 લોકોને સમન્સ પાઠવવામાં આવ્યા છે. દેશની વચગાળાની સરકાર અનુસાર, બળવો દરમિયાન ઓછામાં ઓછા 753 લોકો માર્યા ગયા હતા અને હજારો ઘાયલ થયા હતા, જેને આઈસીટી પ્રોસિક્યુશન ટીમ અને વચગાળાની સરકારે માનવતા અને નરસંહાર વિરુદ્ધના ગુનાઓ તરીકે વર્ણવ્યા હતા.

ઇઝરાયેલા કરેલા હુમલાની સેટેલાઇટ તસવીરો સામે આવી, વિશ્લેષણમાં નુકસાનનો અંદાજ બાંધવામાં આવ્યો

# ઈઝરાયેલના હુમલામાં ઈરાનના બે ગુપ્ત લશ્કરી થાણાઓને ભારે નુકસાન

**ઇરાનના** સર્વોચ્ચ નેતા કહે છે કે ઇઝરાયેલના હુમલા અંગે અતિશયોક્તિ કરો નહીં કે તેને ઓછો પણ આંકો નહીં



દુબઇ, તા. ૨૭(એપી): ઇઝરાયેલે ઇરાન પર કરેલા હવાઇ હુમલામાં ઇરાનની રાજધાનીથી દક્ષિણપૂર્વમાં આવેલ એક એક ગુપ્ત લશ્કરી થાણાને નુકસાન થયું છે જે થાણાને નિષ્ણાતોએ ભૂતકાળમાં તેહરાનના એક સમયના અણુ શસ્ત્ર કાર્યક્રમ સાથે સાંકળ્યું હતું જ્યારે નુકસાન પામેલું બીજું થાણુ તેના બેલેસ્ટિક મિસાઇલ કાર્યક્રમ સાથે સંકળાયેલું છે એમ એસોસીએટેડ પ્રેસ(એપી) સમાચાર સંસ્થા દ્વારા સેટેલાઇટ ફોટાઓના કરવામાં આવેલા વિશ્લેષણ પરથી જાણવા મળે છે.

ઇરાનના પરચીન મિલિટરી બેઝમાં કેટલીક ઇમારતોને નુકસાન થયું છે જે લશ્કરી થાણા અંગે ઇન્ટરનેશનલ એટોમિક એનર્જી એજન્સીને શંકા છે કે ઇરાને ભૂતકાળમાં આ થાણામાં અણુ બોમ્બ બનાવવા માટે પરીક્ષણો કર્યા હતા.

## ઈઝરાયેલના હુમલામાં ઉત્તર ગાઝામાં 22ના મોત

દેર અલ-બાલાહ (ગાઝા પટ્ટી), તા. 27 (એપી) : ઉત્તરી ગાઝા પર ઈઝરાયેલના હુમલામાં ઓછામાં ઓછા 22 લોકો માર્યા ગયા છે, જેમાં મોટા ભાગની મહિલાઓ અને બાળકો છે. એમ પેલેસ્ટિનિયન અધિકારીઓએ રવિવારે જણાવ્યું હતું. આ ઘટના ત્યારે બની છે જ્યારે ઉત્તરી ગાઝામાં ઈઝરાયેલના હુમલા ત્રીજા સપ્તાહમાં પ્રવેશ્યા હતા અને સહાય જૂથોએ તેને માનવતાવાદી આપત્તિ વર્ણવી હતી. એક અલગ ઘટનાક્રમમાં ઈઝરાયેલના મેગેન ડેવિડ એડોમ બચાવ સેવાના જણાવ્યા અનુસાર, તેલ અવીવ નજીક એક ટ્રક બસ સ્ટોપ પર ઘૂસી ગઈ હતી, જેમાં ડઝનબંધ લોકો ઘાયલ થયા હતા. સંજોગો તરત જ સ્પષ્ટ થયા ન હતા, પરંતુ પેલેસ્ટિનિયનોએ છેલ્લાં કેટલાંક વર્ષોથી ડઝનબંધ વાહન-રેમિંગ હુમલાઓ કર્યા છે. ગાઝા આરોગ્ય મંત્રાલયની કટોકટી સેવાએ જણાવ્યું હતું કે, ઉત્તરીય શહેર બીટ લાહિયામાં ઘણાં ઘરો અને ઈમારતો પર શનિવારે મોડી રાત્રે કરવામાં આવેલા હુમલામાં માર્યા ગયેલા લોકોમાં 11 મહિલાઓ અને બે બાળકોનો સમાવેશ થાય છે.

## વિરોધકારોએ ઈઝરાયેલના વડાપ્રધાનના ભાષણનો કાર્યક્રમ ખોરવી નાખ્યો

રામત હશારોન(ઈઝરાયેલ), તા. ૨૭(એપી): દક્ષિણ ઈઝરાયેલ પર ગયા વર્ષે સાતમી ઓકટોબરે હમાસે કરેલા હુમલાનો ભોગ બનેલા લોકોની યાદમાં યોજાયેલ એક કાર્યક્રમમાં ઈઝરાયેલી વડાપ્રધાન બેન્જામિન નેતાન્યાહુના પ્રવચનને વિરોધકર્તાઓએ ખોરવી નાખ્યું હતું. લોકોએ શરમ શરમના પોકારો કર્યા હતા અને ઘોંઘાટ ઉભો કર્યો હતો, જેને પગલે નેતાન્યાહુએ ભાષણ શરૂ થયા બાદ થોડી જ વારમાં અટકાવી દેવું પડ્યું હતું.








### વેચાણ અંગેની જાહેર નોટીસ

ડિસ્ટ્રીકટ સુરત સબ ડિસ્ટ્રીકટ-તાલુકો **કતારગામ**ના મોજે ગામ **કોસાડ**ના રે.સર્વે ૩૬૬/૨ના **બ્લોક નંબર: ૫૮૦** વાળી ખેતીની જમીન કે જેનુ ૭/૧૨ મુજબ કુલ **ક્ષેત્રફળ સુમારે હે.આરે. ૦-૬૦-૭૦ ચો.મી યાને ૬૦૭૦.૦૦ ચો.મી.** છે જેનો આકાર રૂા. ૮.૭૫ પૈસા છે તથા હાલનો ખાતા નંબર: ૧૫૮૩ છે તે ખેતીની જુની શરતની ચાલી આવેલ જમીન તથા તેને લાગુ અંદરના તથા બહારના તમામ પ્રકારના હકક-હિત હિસ્સા સહીતની મીલકત **(૧) બળવંતભાઇ નાથુભાઇ, (૨) નીરુબેન તે બળવંતભાઇ નાથુભાઇની ધણીયાણી, (૩) વૈશાલીબેન બળવંતભાઇ, (૪) ગાયત્રીબેન બળવંતભાઇ, (૫) જાગૃતિબેન બળવંતભાઇ તથા (૬) જયંતકુમાર બળવંતભાઇનાઓએ** તેમની સહિયારી માલીકી, કબજા ભોગવટા હેઠળની બોજા રહિત, ચોખ્ખા ટાઇટલવાળી હોવાનું જણાવી અમારા અસીલ સાથે વેચાણ વ્યવહાર કરવા માંગે છે અને અમારા અસીલ તેમને કિંમતી અવેજ ચુકવી પાકા લખાણો કરાવી લેવા માંગે છે. સબબ, **અમારા અસીલની સુચના ઉપરથી આ જાહેર નોટીસ આપી જણાવવાનું** કે, જે કોઇના મજકુર જમીન પર સીધા/આડ કતરા કાંઇપણ હકક, હિત, સંબંધ, દર-દાવા, કલેઇમ હોઇ કે સુચિત વ્યવહાર સામે કોઇપણ વાંધો હોય તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી **દિન-૭ (સાત)** ની મુદતમાં પુરાવા સહિત વકીલશ્રીની ઓફીસના સ્થળે લેખિત જાણ કરવી. મુદત દરમ્યાન કોઇ કલેઇમ કે વાંધા મળે નહી તો મુદત વિત્યે તેવા કોઇના કલેઇમ કે વાંધા નથી અને હોય તો જતા કર્યા છે તેમ ગણી અમારા અસીલ દસ્તાવેજ સહીતના તમામ વ્યવહાર સંપુર્ણ કરશે પછી કોઇપણ પ્રકારની તકરાર ધ્યાને લેવાશે નહી અને ત્યારબાદ જો કોઇપણ ઇસમ, સંસ્થા કે મંડળી દ્વારા કોઇપણ પ્રકારના ખોટા દાવા-દુવી, ખોટી તર-તકરારો કે ખોટા વાંધા-વિરોધો ઊભા કરવામાં/ કરાવવામાં આવશે તો તે તમામને કોર્ટ લીટીગેશનો તેમજ દાવા-દુવી સિવાય મીલકતમાં કોઇપણ પ્રકારનો હકક, હિત કે હિસ્સો પ્રાપ્ત થશે નહિ. જેની તમામ લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

અમારી મારફત
**મેહુલ એસ. લખાણી**
**કિશોર આર. ઘડુક**
તે ખરીદનારના એડવોકેટ્સ

સ્થળ : સુરત તા.૨૮/૧૦/૨૦૨૪
RISE UP ASSOCIATES®
૩૩૧-૩૩૨, ત્રીજો માળ, લક્ષ્મી એન્કલેવ, ગજેરા સ્કુલની સામે, કતારગામ, સુરત.
મો.૮૮૬૬૬ ૦૧૪૧૫, ૯૮૦૯૮ ૮૮૦૫૫

### વેચાણ અંગેની જાહેર નોટીસ

ડિસ્ટ્રીકટ સુરત સબ ડિસ્ટ્રીકટ-તાલુકો **કતારગામ**ના મોજે **કોસાડ**ના સર્વે નંબર: ૩૬૬/૧, **બ્લોક નંબર: ૫૮૧** વાળી હાલ ખેતીના હેડે નવી શરતે ચાલી આવેલ જમીન કે જેનું ૭/૧૨ મુજબ **કુલ ક્ષેત્રફળ સુમારે હે.આરે. ૦-૬૦-૭૦ ચો.મી યાને ૬૦૭૦.૦૦ ચો.મી.** છે. તેમજ આકાર રૂા. ૮.૭૫ પૈસા છે તથા હાલનો ખાતા નંબર: ૪૦૩ છે. તે ખેતીની જમીન મીલકત તથા તેને લાગુ એવા અંદરના તથા બહારના તમામ પ્રકારના હકક-હિત હિસ્સા સહીતની કુલ્લે દરોબસ્ત જમીન મીલકત **(૧) ઠાકોરભાઇ કરસનભાઇ, (૨) જયંતિભાઇ કરસનભાઇનાઓ** તેમની સહિયારી માલીકી, કબજા ભોગવટા હેઠળની બોજા રહિત, ચોખ્ખા ટાઇટલવાળી હોવાનું જણાવી તથા જુની શરતની કરી આપી અમારા અસીલ સાથે વેચાણ વ્યવહાર કરવા માંગે છે અને અમારા અસીલ તેમને કિંમતી અવેજ ચુકવી પાકા લખાણો કરાવી લેવા માંગે છે. સબબ, **અમારા અસીલની સુચના ઉપરથી આ જાહેર નોટીસ આપી જણાવવાનું** કે, જે કોઇના મજકુર જમીન પર સીધા/આડ કતરા કાંઇપણ હકક, હિત, સંબંધ, દર-દાવા, કલેઇમ હોઇ કે સુચિત વ્યવહાર સામે કોઇપણ વાંધો હોય તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૭ (સાત) ની મુદતમાં પુરાવા સહિત વકીલશ્રીની ઓફીસના સ્થળે લેખિત જાણ કરવી. મુદત દરમ્યાન કોઇ કલેઇમ કે વાંધા મળે નહી તો મુદત વિત્યે તેવા કોઇના કલેઇમ કે વાંધા નથી અને હોય તો જતા કર્યા છે તેમ ગણી અમારા અસીલ દસ્તાવેજ સહીતના તમામ વ્યવહાર સંપુર્ણ કરશે પછી કોઇપણ પ્રકારની તકરાર ધ્યાને લેવાશે નહી અને ત્યારબાદ જો કોઇપણ ઇસમ, સંસ્થા કે મંડળી દ્વારા કોઇપણ પ્રકારના ખોટા દાવા-દુવી, ખોટી તર-તકરારો કે ખોટા વાંધા-વિરોધો ઊભા કરવામાં/કરાવવામાં આવશે તો તે તમામને કોર્ટ લીટીગેશનો તેમજ દાવા-દુવી સિવાય મીલકતમાં કોઇપણ પ્રકારનો હકક, હિત કે હિસ્સો પ્રાપ્ત થશે નહિ. જેની તમામ લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

અમારી મારફત
**મેહુલ એસ. લખાણી**
**કિશોર આર. ઘડુક**
તે ખરીદનારના એડવોકેટ્સ

સ્થળ : સુરત તા.૨૮/૧૦/૨૦૨૪
RISE UP ASSOCIATES®
૩૩૧-૩૩૨, ત્રીજો માળ, લક્ષ્મી એન્કલેવ, ગજેરા સ્કુલની સામે, કતારગામ, સુરત.
મો.૮૮૬૬૬ ૦૧૪૧૫, ૯૮૦૯૮ ૮૮૦૫૫

### વેચાણ અંગેની જાહેર નોટીસ

ડિસ્ટ્રીકટ સુરત સબ ડિસ્ટ્રીકટ-તાલુકો **અઠવા**ના મોજે **ભરથાણા-કોસાડ**ના સર્વે નંબર: ૧૪, **બ્લોક નંબર: ૧૫** વાળી હાલ ખેતીના હેડે નવી શરતે ચાલી આવેલ જમીન કે જેનું ૭/૧૨ મુજબ **કુલ ક્ષેત્રફળ સુમારે હે.આરે. ૧-૩૩-૫૫ ચો.મી યાને ૧૩૩૫૫.૦૦ ચો.મી.** છે. તેમજ આકાર રૂા. ૨૩.૧૨ પૈસા છે તથા હાલનો ખાતા નંબર: ૩૧૬ છે. તે ખેતીની જમીન મીલકત તથા તેને લાગુ એવા અંદરના તથા બહારના તમામ પ્રકારના હકક-હિત હિસ્સા સહીતની કુલ્લે દરોબસ્ત જમીન મીલકત **(૧) ભુપેન્દ્રભાઇ ભીખુભાઇ પટેલ, (૨) દિલીપભાઇ ભીખુભાઇ પટેલ, (૩) ઇન્દુબેન ભુપેન્દ્રભાઇ, (૪) મુકેશભાઇ ભુપેન્દ્રભાઇ, (૫) સંદિપભાઇ ભુપેન્દ્રભાઇ તથા, (૬) નયનાબેન તે ભીખુભાઇ ગોવિંદભાઇ પટેલની દિકરીનાઓ** તેમની સહિયારી માલીકી, કબજા ભોગવટા હેઠળની બોજા રહિત, ચોખ્ખા ટાઇટલવાળી હોવાનું જણાવી તથા જુની શરતની કરી આપી અમારા અસીલ સાથે વેચાણ વ્યવહાર કરવા માંગે છે અને અમારા અસીલ તેમને કિંમતી અવેજ ચુકવી પાકા લખાણો કરાવી લેવા માંગે છે. સબબ, **અમારા અસીલની સુચના ઉપરથી આ જાહેર નોટીસ આપી જણાવવાનું** કે, જે કોઇના મજકુર જમીન પર સીધા/આડ કતરા કાંઇપણ હકક, હિત, સંબંધ, દર-દાવા, કલેઇમ હોઇ કે સુચિત વ્યવહાર સામે કોઇપણ વાંધો હોય તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી **દિન-૭ (સાત)** ની મુદતમાં પુરાવા સહિત વકીલશ્રીની ઓફીસના સ્થળે લેખિત જાણ કરવી. મુદત દરમ્યાન કોઇ કલેઇમ કે વાંધા મળે નહી તો મુદત વિત્યે તેવા કોઇના કલેઇમ કે વાંધા નથી અને હોય તો જતા કર્યા છે તેમ ગણી અમારા અસીલ દસ્તાવેજ સહીતના તમામ વ્યવહાર સંપુર્ણ કરશે પછી કોઇપણ પ્રકારની તકરાર ધ્યાને લેવાશે નહી અને ત્યારબાદ જો કોઇપણ ઇસમ, સંસ્થા કે મંડળી દ્વારા કોઇપણ પ્રકારના ખોટા દાવા-દુવી, ખોટી તર-તકરારો કે ખોટા વાંધા-વિરોધો ઊભા કરવામાં/ કરાવવામાં આવશે તો તે તમામને કોર્ટ લીટીગેશનો તેમજ દાવા-દુવી સિવાય મીલકતમાં કોઇપણ પ્રકારનો હકક, હિત કે હિસ્સો પ્રાપ્ત થશે નહિ. જેની તમામ લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

અમારી મારફત
**મેહુલ એસ. લખાણી**
**કિશોર આર. ઘડુક**
તે ખરીદનારના એડવોકેટ્સ

સ્થળ : સુરત તા.૨૮/૧૦/૨૦૨૪
RISE UP ASSOCIATES®
૩૩૧-૩૩૨, ત્રીજો માળ, લક્ષ્મી એન્કલેવ, ગજેરા સ્કુલની સામે, કતારગામ, સુરત.
મો.૮૮૬૬૬ ૦૧૪૧૫, ૯૮૦૯૮ ૮૮૦૫૫

### વેચાણ અંગેની જાહેર નોટીસ

ડિસ્ટ્રીકટ સુરત સબ ડિસ્ટ્રીકટ-તાલુકો **કતારગામ**ના મોજે ગામ **કોસાડ**ના રે.સર્વે નંબર: ૩૮૬ના **બ્લોક નંબર: ૬૦૭** વાળી ખેતીની જમીન કે જેનુ ૭/૧૨ મુજબ **કુલ ક્ષેત્રફળ સુમારે હે.આરે. ૧-૪૫-૬૯ ચો.મી યાને ૧૪૫૬૯.૦૦ ચો.મી.** છે જેનો આકાર રૂા. ૨૦.૦૦ પૈસા છે તથા હાલનો ખાતા નંબર: ૪૧૩ છે તે ખેતીની જુની શરતની ચાલી આવેલ જમીન તથા તેને લાગુ અંદરના તથા બહારના તમામ પ્રકારના હકક-હિત હિસ્સા સહીતની મીલકત **(૧) નંદનબેન હસમુખભાઇ, (૨) જયેશભાઇ હસમુખભાઇ, (૩) પરેશભાઇ હસમુખભાઇ, (૪) જગદીશભાઇ નગીનભાઇ, (૫) જયશ્રીબેન જગદીશભાઇ પટેલ, (૬) ધારાબેન તે જગદીશભાઇ પટેલની છોકરી તે ભરતભાઇ કુંભાણીની પત્ની તથા (૭) પ્રજ્ઞેશભાઇ જગદીશભાઇ પટેલનાઓએ** તેમની સહિયારી માલીકી, કબજા ભોગવટા હેઠળની બોજા રહિત, ચોખ્ખા ટાઇટલવાળી હોવાનું જણાવી અમારા અસીલ સાથે વેચાણ વ્યવહાર કરવા માંગે છે અને અમારા અસીલ તેમને કિંમતી અવેજ ચુકવી પાકા લખાણો કરાવી લેવા માંગે છે. સબબ, **અમારા અસીલની સુચના ઉપરથી આ જાહેર નોટીસ આપી જણાવવાનું** કે, જે કોઇના મજકુર જમીન પર સીધા/આડ કતરા કાંઇપણ હકક, હિત, સંબંધ, દર-દાવા, કલેઇમ હોઇ કે સુચિત વ્યવહાર સામે કોઇપણ વાંધો હોય તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી **દિન-૭ (સાત)** ની મુદતમાં પુરાવા સહિત વકીલશ્રીની ઓફીસના સ્થળે લેખિત જાણ કરવી. મુદત દરમ્યાન કોઇ કલેઇમ કે વાંધા મળે નહી તો મુદત વિત્યે તેવા કોઇના કલેઇમ કે વાંધા નથી અને હોય તો જતા કર્યા છે તેમ ગણી અમારા અસીલ દસ્તાવેજ સહીતના તમામ વ્યવહાર સંપુર્ણ કરશે પછી કોઇપણ પ્રકારની તકરાર ધ્યાને લેવાશે નહી અને ત્યારબાદ જો કોઇપણ ઇસમ, સંસ્થા કે મંડળી દ્વારા કોઇપણ પ્રકારના ખોટા દાવા-દુવી, ખોટી તર-તકરારો કે ખોટા વાંધા-વિરોધો ઊભા કરવામાં/ કરાવવામાં આવશે તો તે તમામને કોર્ટ લીટીગેશનો તેમજ દાવા-દુવી સિવાય મીલકતમાં કોઇપણ પ્રકારનો હકક, હિત કે હિસ્સો પ્રાપ્ત થશે નહિ. જેની તમામ લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

અમારી મારફત
**મેહુલ એસ. લખાણી**
**કિશોર આર. ઘડુક**
તે ખરીદનારના એડવોકેટ્સ

સ્થળ : સુરત તા.૨૮/૧૦/૨૦૨૪
RISE UP ASSOCIATES®
૩૩૧-૩૩૨, ત્રીજો માળ, લક્ષ્મી એન્કલેવ, ગજેરા સ્કુલની સામે, કતારગામ, સુરત.
મો.૮૮૬૬૬ ૦૧૪૧૫, ૯૮૦૯૮ ૮૮૦૫૫

### વેચાણ અંગેની જાહેર નોટીસ

ડિસ્ટ્રીકટ સુરત સબ ડિસ્ટ્રીકટ-તાલુકો **કતારગામ**ના મોજે ગામ **કોસાડ**ના રે.સર્વે નંબર: ૪૪૦/૩ ના **બ્લોક નંબર: ૧૦૩૯** વાળી ખેતીની જમીન કે જેનુ ૭/૧૨ મુજબ **કુલ ક્ષેત્રફળ સુમારે હે.આરે. ૦-૪૬-૫૪ ચો.મી યાને ૪૬૫૪.૦૦ ચો.મી.** છે. તેમજ આકાર રૂા. ૭.૮૧ પૈસા તથા હાલનો ખાતા નંબર: ૪૫૭ છે. તે ખેતીની જુની શરતની ચાલી આવેલ આખી **જમીન પૈકી માત્ર ઉત્તર દિશા તરફની ૨૩૨૭.૦૦ ચો.મી ના સ્પષ્ટ હિસ્સાવાળી** જમીન તથા તેને લાગુ એવા અંદરના તથા બહારના તમામ પ્રકારના હકક-હિત હિસ્સા સહીતની મીલકત **(૧) કમુબેન ધનાભાઇ, (૨) રામુભાઇ ધનાભાઇ, (૩) નાગરભાઇ ધનાભાઇ, (૪) ઇચ્છીબેન છનાભાઇ આહિર તથા (૫) ઠાકોરભાઇ છનાભાઇ આહિરનાઓ** તેમની સહિયારી માલીકી, કબજા ભોગવટા હેઠળની બોજા રહિત, ચોખ્ખા ટાઇટલવાળી હોવાનું જણાવી અમારા અસીલ સાથે વેચાણ વ્યવહાર કરવા માંગે છે અને અમારા અસીલ તેમને કિંમતી અવેજ ચુકવી પાકા લખાણો કરાવી લેવા માંગે છે. સબબ, **અમારા અસીલની સુચના ઉપરથી આ જાહેર નોટીસ આપી જણાવવાનું** કે, જે કોઇના મજકુર જમીન પર સીધા/આડ કતરા કાંઇપણ હકક, હિત, સંબંધ, દર-દાવા, કલેઇમ હોઇ કે સુચિત વ્યવહાર સામે કોઇપણ વાંધો હોય તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી **દિન-૭ (સાત)** ની મુદતમાં પુરાવા સહિત વકીલશ્રીની ઓફીસના સ્થળે લેખિત જાણ કરવી. મુદત દરમ્યાન કોઇ કલેઇમ કે વાંધા મળે નહી તો મુદત વિત્યે તેવા કોઇના કલેઇમ કે વાંધા નથી અને હોય તો જતા કર્યા છે તેમ ગણી અમારા અસીલ દસ્તાવેજ સહીતના તમામ વ્યવહાર સંપુર્ણ કરશે પછી કોઇપણ પ્રકારની તકરાર ધ્યાને લેવાશે નહી અને ત્યારબાદ જો કોઇપણ ઇસમ, સંસ્થા કે મંડળી દ્વારા કોઇપણ પ્રકારના ખોટા દાવા-દુવી, ખોટી તર-તકરારો કે ખોટા વાંધા-વિરોધો ઊભા કરવામાં/ કરાવવામાં આવશે તો તે તમામને કોર્ટ લીટીગેશનો તેમજ દાવા-દુવી સિવાય મીલકતમાં કોઇપણ પ્રકારનો હકક, હિત કે હિસ્સો પ્રાપ્ત થશે નહિ. જેની તમામ લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

અમારી મારફત
**મેહુલ એસ. લખાણી**
**કિશોર આર. ઘડુક**
તે ખરીદનારના એડવોકેટ્સ

સ્થળ : સુરત તા.૨૮/૧૦/૨૦૨૪
RISE UP ASSOCIATES®
૩૩૧-૩૩૨, ત્રીજો માળ, લક્ષ્મી એન્કલેવ, ગજેરા સ્કુલની સામે, કતારગામ, સુરત.
મો.૮૮૬૬૬ ૦૧૪૧૫, ૯૮૦૯૮ ૮૮૦૫૫